ડૉ. જયકર એસ. મેકવાન
ઈન્ચાર્જ

# શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવાસ

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી તા. ૧૬/૧૦/૧૯ થી ૧૮/૧૦/૧૯ દરમિયાન સાસાણગીર અને જૂનાગઢના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રવાસમાં આચાર્ય ડૉ. ડી.યુ.પટેલના માર્ગદ્રશન હેઠળ ઈન્ચાર્જ તરીકે ડૉ. જયકરભાઈ એસ.મેકવાને જવાબદારી સંભાળી હતી. પ્રવાસમાં કૉલેજના એફ.વાયના પ્રશિક્ષણાર્થીઓ જોડાયા હતા.

આ પ્રવાસ દરમિયાન તુલસીશ્યામ, દ્રોણેશ્વર મંદિર, સ્વામી નારાયણ મંદિર, ઝમઝિર ધોધ, સોમનાથ, સોમનાથમાં વિવિધ સ્થળો જેમકે શીવમંદિર, દરિયાકિનારો, ત્રીવેણ સંગમ, ભાલકાતીર્થની મુલાકાત લીધી. ત્યાર બાદ સાસણગીરમાં દેવડીયાગીર પહોંચી સિંહ દર્શન કર્યા. ત્યાથી જુનાગઢમાં તળેટીથી જટાશંકર મંદિર ટ્રેડીગ કરી પહોંચ્યા. પ્રકૃતિ તથા જંગલનો આનંદ લઈ જૂનાગઢમાં અશોકનો શીલાલેખ, દામોદર કૂંડ, મંદિરના દર્શન કર્યા. અહીથી નીકળી ગોંડલમાં નવલખા મહેલની મુલાકાત લીધી. ઉપરોક્ત દરેક સ્થળની દરેકે રસપૂર્વક,ઉત્સાહથી મુલાકાત લીધી.

સમગ્ર પ્રવાસનું આયોજન અને સંચાલન ડૉ. જયકરભાઈ એસ. મેકવાને કર્યુ હતું. આ પ્રવાસમાં સાથે ડૉ. જે.જે. દિક્ષિત, પ્રા. સુભાષભાઈ મકવાણા જોડાયા હતા. સમગ્ર પ્રવાસની સફળતા માટે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજગ ટ્રસ્ટી તથા મંત્રીશ્રી બી.એન.પટેલ સર, આચાર્યશ્રી ડૉ. ડી.યુ.પટેલ તથા સ્ટાફમિત્રોનો ઈન્ચાર્જ ડૉ.જયકર એસ. મેકવાને આભાર વ્યક્ત કર્યો હતો.

એસ.વાય.ના વિદ્યાર્થીઓની માંગણીને ગ્રાહ્ય રાખીને તા. ૨૦/૦૨/૨૦૨૦ના રોજ એક દિવસના સ્ટેચ્યુ ઑફ યુનિટીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. તા. ૨૦/૨/૨૦૨૦ના રોજ સવારે ૬:૩૦ કલાકે એસ.વાય.ના ૪૪ પ્રશિક્ષણાર્થીઓ તથા ઈન્ચાર્જશ્રી ડૉ. જે.એસ. મેકવાન તથા પ્રા. સુભાષભાઈ વી. મકવાણા સાથે પ્રવાસ શરૂ કર્યો. પ્રવાસમાં પ્રથમ ધાર્મિક સ્થળ પોઈચા પહોંચ્યા ત્યાં સ્વામીનારાયણ મંદિરમાં દર્શન કર્યા આ પ્રકૃતિને ખોળે સુંદર ધાર્મિક સ્થળ છે.

પોઈચાથી નીકળી ૧૨:૦૦ વાગ્યે સરદાર સરોવર ડેમ પહોંચ્યા. પ્રથમ ભોજન કરી સરકાર દ્વારા ગોઠવાયેલી વ્યવસ્થામાં બસમાં બેસી ડેમ સાઈટ નીકળી. ત્યાર બાદ ફ્લાવર ઓફ વેલી નીહાળી. પછી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટી નીહાળવા ગયા. નીચે મ્યુઝિયમ નીહાળી લીફટથી ઉપર જઈ વિહંગાવલોકન કર્યુ સાંજે નીચે પરત આવી લેઝર શૉ નીહાળ્યો. રાત્રે ભોજન કરી આણંદ ૧૧:૧૫ કલાકે પરત આવ્યા. આ પ્રવાસ પણ ખૂબ સફળ રહ્યો. ઈન્ચાર્જ તરીકે ડૉ.જે.એસ. મેકવાને સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.